દરિયા કિનારાઓનું ધોવાણ વધ્યું

ઉભરાટ, બોરસી, ઓંજલ અને મેદરભાટ વિસ્તારમાં દરિયામાં ઘસમસતા મોજાં

છેલ્લા કેટલાક દિવસોથી દરિયો અસામાન્ય રીતે તોફાની બન્યો: માછીમારો

નવસારીઃ નવસારી જિલ્લાના દરિયાકાંઠે છેલ્લા કેટલાક દિવસોથી દરિયાનો મિજાજ બદલાયો હોવાનું જોવા મળી રહ્યું છે.

ભારે કરંટ, તેજ પવન અને ભરતીના પ્રભાવના કારણે દરિયામાં સતત ઊંચા મોજાં ઉછળી રહ્યા છે, જેના કારણે તટીય વિસ્તારોમાં જમીન ધોવાણની પ્રક્રિયા શરૂ થઈ છે. દરિયાની આ બદલાતી સ્થિતિને કારણે દરિયાકાંઠાના ગામોમાં ચિંતા વધી રહી છે.

ઉભરાટ, બોરસી, ઓંજલ અને મેદરભાટ જેવા વિસ્તારોમાં દરિયાની અસર સ્પષ્ટ જોવા મળી રહી છે. ખાસ કરીને જ્યાં સુરક્ષા દિવાલો અથવા પ્રોટેક્શન વોલ નથી, ત્યાં દરિયાના મોજા સીધા જમીન સાથે અથડાતા હોવાથી કિનારાનું ધોવાણ વધી રહ્યું છે. કેટલાક વિસ્તારોમાં દરિયાનું પાણી કિનારાની નજીક સુધી પહોંચી જતાં સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો છે. માછીમારોના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક દિવસોથી દરિયો અસામાન્ય રીતે તોફાની બન્યો છે.

ઊંચા મોજાં અને ભારે કરંટને કારણે દરિયામાં જવું જોખમી બની રહ્યું છે, જેના કારણે માછીમારીની પ્રવૃત્તિઓ પણ પ્રભાવિત થઈ રહી છે. બીજી તરફ દરિયાકાંઠે આવેલા ખેતરોમાં ખારાશ વધવાની અને જમીનને નુકસાન પહોંચવાની ભીતિ પણ વ્યક્ત થઈ રહી છે.

કરંટ અને ધોવાણ લાંબા સમય સુધી ચાલુ રહેશે તો જમીનને નુકસાનની ભીતિ

સ્થાનિક લોકોનું કહેવું છે કે જો દરિયાનો આ કરંટ અને ધોવાણ લાંબા સમય સુધી ચાલુ રહેશે તો કિનારાની કિંમતી જમીન, ખેતીલાયક વિસ્તાર અને રહેણાંક મિલકતોને વ્યાપક નુકસાન પહોંચી શકે છે. તેથી તાત્કાલિક રક્ષણાત્મક પગલાં ભરવાની માંગ ઊઠી રહી છે. દરમિયાન વહીવટી તંત્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને દરિયાકાંઠાના વિસ્તારોમાં સાવચેતી રાખવા લોકોને અપીલ કરવામાં આવી રહી છે. દરિયાના ઉગ્ર સ્વરૂપે ફરી એકવાર તટીય વિસ્તારોની સુરક્ષા અને સંરક્ષણનો મુદ્દો ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધો છે.

મેઘરાજાની સવારી મોડી પડતાં દ.ગુજરાતના ધરતીપુત્રો ચિંતાતુર

જૂનનો અડધો મહિનો વીતવા છતાં વરસાદનું આગમન ન થતાં ડાંગર, કેળ સહિતના પાકોને અસરની શક્યતા

સાપુતારાઃ દક્ષિણ ગુજરાતના સરહદી અને ડુંગરાળ એવા ડાંગ જિલ્લામાં ચાલુ વર્ષે ચોમાસાની શરૂઆત નબળી રહેતા અને વરસાદમાં મોટો વિલંબ થતાં સમગ્ર પંથકના ખેડૂતો ઘેરી ચિંતામાં ડૂબી ગયા છે.

સામાન્ય રીતે દર વર્ષે જૂન મહિનાના પ્રથમ સપ્તાહમાં જ ડાંગના પહાડી વિસ્તારોમાં મેઘરાજા ધમાકેદાર એન્ટ્રી કરી લેતાં હોય છે. વરસાદના આ પ્રાથમિક આગમન સાથે જ સ્થાનિક ધરતીપુત્રો પરંપરાગત ખેતી તરફ વળીને ડાંગરના ધરૂ (બિયારણ) નાખવાનું કામ ઉત્સાહભેર શરૂ કરી દેતાં હોય છે. પરંતુ આ વર્ષે જૂન મહિનો અડધાથી વધુ વીતી ગયો હોવા છતાં આકાશમાંથી કાચું સોનું ન વરસતાં ચિંતાના વાદળો ઘેરાયા છે. ડાંગ જિલ્લો મુખ્યત્વે વરસાદ આધારિત ખેતી પર નિર્ભર છે, જેમાં ડાંગર, નાગલી અને વરાઈ જેવા પાકો મુખ્ય છે. ચોમાસાની શરૂઆતમાં ખેડૂતો પોતાના ખેતરો તૈયાર કરીને ધરૂવાડિયામાં બિયારણ નાખતા હોય છે, જેથી સમયસર ધરૂ તૈયાર થાય અને વરસાદના પાણીથી ડાંગરની રોપણી કરી શકાય. જોકે, આ સીઝનમાં વરસાદ ખેંચાઈ જતાં ખેડૂતો હજુ સુધી ધરૂ નાખવાની હિંમત પણ કરી શક્યા નથી. જે ખેડૂતોએ કુવા કે અન્ય સાધનોના ભરોસે શરૂઆત કરી હતી, તેમનું બિયારણ પણ હવે તીવ્ર તડકા અને પાણીની અછતના કારણે સુકાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે. વરસાદના આ લાંબા વિલંબના કારણે સમગ્ર જિલ્લામાં કૃષિ પ્રવૃત્તિઓ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે. જો આગામી થોડા દિવસોમાં પણ મેઘમહેર નહીં થાય, તો ચાલુ વર્ષની આખી કૃષિ સીઝન નિષ્ફળ જવાની પૂરેપૂરી સંભાવના છે.

કૃષિ નિષ્ણાતોના મતે, જો રોપણીમાં વધુ મોડું થશે તો પાકના ઉત્પાદન અને ગુણવત્તા પર તેની સીધી અને નકારાત્મક અસર પડશે, જે ગરીબ અને નાના ખેડૂતોની આર્થિક કમર તોડી નાંખશે. હાલની પરિસ્થિતિ જોતાં ડાંગ જિલ્લાના વહીવટી તંત્ર અને જગતના તાતની નજર આકાશ તરફ મંડાયેલી છે.

ચીખલી એપીએમસી પાસે વાહન અડફેટે મહિલાનું મોત

ચીખલી: ચીખલી તાલુકાના તલાવચોરા સુથાર ફળિયા ખાતે રહેતા અનસૂયાબેન ભગુભાઇ પટેલ તથા પુત્રી રિનલબેન ધર્મેશભાઇ પટેલ (ઉ.વ.૩૭) જે સોમવારની બપોરના સમયે માતા-પુત્રી મોપેડ ઉપર ચીખલી બજારમાં ખરીદી કરવા માટે આવી રહ્યા હતા. દરમિયાન ચીખલી એપીએમસી માર્કેટ પાસે પહોંચતા એક અજાણ્યો વાહનચાલકે મોપેડને ટક્કર મારતા પુત્રી રિનલબેનને શરીરે ઓછી વધતી ઇજાઓ થવા પામી હતી. જ્યારે અનસૂયાબેનને ગંભીર ઇજાઓ પહોંચતા સારવાર દરમ્યાન મોત થયું હતું. પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મરોલીમાં યુવકે ચપ્પુ વડે પોતાનું ગળું ચીરી નાંખ્યું

નવસારી: જલાલપોર તાલુકાના મરોલી બજાર મહુવર રાજા ફળિયામાં રહેતા ધર્મેશભાઇ ચીમનભાઇ રાઠોડ (ઉ.વ.૩૪)એ 15 જૂનના રોજ વહેલી સવારે પોતાના ઘરમાં ગળાના ભાગે ચપ્પુ મારી આત્મઘાતી પગલું ભર્યું હતું. ગંભીર હાલતમાં તેમને મરોલી સીએચસી અને ત્યારબાદ નવસારી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટના અંગે મરોલી પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-2023ની કલમ 194 મુજબ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઘર્મેશભાઇએ આ પગલું કયા કારણોસર ભર્યું તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી.

આદિવાસી પરિવારોના સમર્થનમાં કલેક્ટરને રજૂઆત કરાશે

નવસારી: શહેરના સર્કિટ હાઉસ પાછળ જર્જિસ બંગલા નજીક થયેલી ડિમોલેશનની કાર્યવાહી બાદ આદિવાસી સમાજમાં અસંતોષ અને રોષનું વાતાવરણ સર્જાયું છે. વહીવટી તંત્ર દ્વારા બે આદિવાસી પરિવારના રહેણાંક મકાનો દૂર કરવામાં આવતા અસરગ્રસ્ત પરિવારો હવે આશ્રયના પ્રશ્નનો સામનો કરી રહ્યા છે. આ ઘટનાને લઈને સમાજના આગેવાનો અને વિવિધ સંગઠનો ખુલ્લેઆમ મેદાનમાં આવ્યા છે. આ મુદ્દે આદિવાસી સમાજ દ્વારા આગામી ગુરુવારે સવારે 11 વાગ્યે બેઘર બનેલી પરિવારો માટે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવશે.

ઓપરેશન ક્લીન લેન્ડઃ બોરસીમાં 28 ગેરકાયદે ઝીંગા તળાવોનો સફાયો

તળાવો પર બુલડોઝર ફેરવી ૩.24.55 કરોડની સરકારી જમીન દબાણ મુક્ત કરાવાઈ

નવસારીઃ જલાલપોર તાલુકાના દરિયાકાંઠાના બોરસી ગામમાં સરકારી જમીન પર ગેરકાયદે રીતે ઊભા કરાયેલા ઝીંગા ઉછેરના તળાવો સામે વહીવટી તંત્રે અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી હાથ ધરી છે. ભારે પોલીસ બંદોબસ્ત અને જેસીબી મશીનોની હાજરીમાં હાથ ધરાયેલા વિશેષ અભિયાન દરમિયાન 28 ગેરકાયદે ઝીંગા તળાવો તોડી પાડવામાં આવ્યા હતા, જેના પરિણામે કરોડો રૂપિયાની સરકારી જમીન દબાણમુક્ત થઈ છે.

બ્લોક નં. 51, રી-સર્વે નં. 56ની સરકારી જમીન પર મંજૂરી વિના ઝીંગા તળાવો બનાવી સરકારી મિલકત પર કબજો જમાવવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાની માહિતી તંત્રને મળતા સમગ્ર તંત્ર એક્શનમાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાણીના માર્ગદર્શન હેઠળ નાયબ કલેક્ટર જનમ ઠાકોર, મામલતદાર મૃણાલદાન ઈસરાણી અને વિવિધ વિભાગોના અધિકારીઓની સંયુક્ત ટીમે સ્થળ પર પહોંચી મેગા ઓપરેશન હાથ ધર્યું હતું. જેસીબીના ગર્જતા અવાજ વચ્ચે એક પછી એક તમામ ગેરકાયદે પાળાઓ તોડી પાડવામાં આવ્યા હતા.

કાર્યવાહી દરમિયાન કુલ 1,85,300 ચોરસ મીટર સરકારી જમીન દબાણમુક્ત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ જમીનની અંદાજિત જંત્રી કિંમત રૂ.24,55,22,400 હોવાનું તંત્રે જાહેર કર્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે સરકારી જમીન પર ગેરકાયદે પ્રવૃત્તિઓને કોઈ પણ સંજોગોમાં પ્રોત્સાહન આપવામાં આવશે નહીં. સરકારી મિલકતો પર કબજો જમાવવાનો પ્રયાસ કરનારાઓ સામે હવે માત્ર નોટિસ નહીં, પરંતુ સીધી કડક કાર્યવાહી કરવામાં આવશે.

આ સમગ્ર અભિયાન દરમિયાન જમીન દફ્તર, ફિશરીઝ વિભાગ, પર્યાવરણ વિભાગ, ગ્રામ તંત્ર અને પોલીસ વિભાગે સંકલન સાથે કામગીરી બજાવી હતી. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો. તંત્રની આ કાર્યવાહી બાદ ગેરકાયદેસર દબાણ કરનાર તત્વોમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

બોગસ કોલ સેન્ટરના 11 આરોપીનાં જામીન નામંજૂર

વાપીઃ વાપીમાં હરિયા પાર્કમાં એક બંગલામાંથી એસ.ઓ.જી. ની ટીમે કેનેડાના નાગરિકો સાથે લાખોની છેતરપિંડી આચરતા આંતરરાષ્ટ્રીય ફેક કોલ સેન્ટરનો પર્દાફાશ કર્યો હતો. ધરપકડ કરાયેલા ૧૧ આરોપીએ રિમાન્ડ પુરા થતાં વાપીના એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં જામીન અરજી કરી હતી. જામીન અરજી કરનારા આરોપીઓમાં મુંબઈ અને ઉત્તર પ્રદેશના શીવા રામચંદ્ર સૈની, મેઘના કનૈયાલાલ યાદવ, શેખર ભાસ્કર કાંબલે, શ્રુતિ સુશીલ રાય, રિતેશ ઉલ્હાસ કુંભાર, કૃતિક મનીષ સકપાલ, કાર્તીક જ્યોતી બનસોડ, જીગર તુલસીદાસ માવદિયા તેમજ મણિપુરના વતની કમલસાબ્મ લુનઝામ્ખુપ હાઉઝીલ, મુનસંગલિયન કુંગા હાઉઝીલ અને લીયનમોનલાલ ખોમસોંગ નઉલકની જામીન અરજી કોર્ટે ફગાવી દીધી હતી.

ચોર ચોરી કર્યા બાદ એસીની ઠંડકમાં સૂઈ ગયો

નવસારીઃ શહેરના જૂનાથાણા વિસ્તારમાં આવેલી એક એડવર્ટાઈઝિંગ ઓફિસમાં ચોરી કર્યા બાદ એસી ચાલુ કરીને ઓફિસમાં જ રાત વિતાવનાર ચોર આખરે બે મહિના બાદ પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. નવસારી ટાઉન પોલીસે ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની મદદથી આરોપીને કબજે લઈ વધુ તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ, 15 એપ્રિલની રાત્રે જૂનાથાણાના પુષ્પાંજલિ એપાર્ટમેન્ટમાં આવેલી ‘ન્યૂ આઈડિયા એડવર્ટાઈઝિંગ’ની ઓફિસને નિશાન બનાવવામાં આવી હતી. આરોપીએ ઓફિસનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને ડ્રોઅરમાં રાખેલા રૂ. 60 હજારની રોકડ રકમ તેમજ અંદાજે રૂ. 4,800ના 10 ગ્રામ ચાંદીની ચોરી કરી હતી. કુલ રૂ. 64,800નો મુદ્દામાલ ચોરી કર્યા બાદ આરોપી ત્યાંથી તરત ફરાર થવાને બદલે ઓફિસમાં જ એસી ચાલુ કરી આરામથી સૂઈ ગયો હતો અને સવારે સ્થળ પરથી નીકળી ગયો હતો. પાંચ દિવસ અગાઉ ભાવનગર LCBએ ગરીયાધાર બાયપાસ રોડ પર સ્વામી વિવેકાનંદની પ્રતિમા નજીકથી વિજય ઉર્ફે કાદર હિંમત મકવાણા (ઉ.વ. 35)ને ઝડપી પાડ્યો હતો. તપાસમાં સામે આવ્યું કે આરોપી નવસારીમાં નોંધાયેલી ચોરીની ઘટનામાં પણ સંડોવાયેલો હોવાનું સામે આવ્યું હતું. છે.

નોટિસ વિના 200 MPHW કર્મચારીઓની બદલીને લઈ વિવાદ

આરોગ્ય સેવાઓ પ્રભાવિત થવાની શક્યતાને લઈ વિરોધ

નવસારીઃ: નવસારી જિલ્લાના આરોગ્ય વિભાગમાં વર્ગ-3 હેઠળ ફરજ બજાવતા MPHW કર્મચારીઓની મોટા પાયે કરાયેલી સામૂહિક બદલીને લઈને વિવાદ ઊભો થયો છે. વાંસદા તાલુકા પંચાયતના પ્રમુખ કૌશિકભાઈ માધુભાઈ પટેલે જિલ્લા વિકાસ અધિકારી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને જિલ્લા પંચાયત પ્રમુખને લેખિત રજૂઆત કરી આગોતરી નોટિસ વિના કરાયેલી બદલીઓ સામે ગંભીર વાંધો નોંધાવ્યો છે. રજૂઆતમાં જણાવાયું છે કે જિલ્લાના વિવિધ તાલુકાઓમાં વર્ષોથી સેવા આપતા 200થી વધુ કર્મચારીઓની અચાનક બદલી કરવામાં આવતા આરોગ્ય સેવાઓ પર પ્રતિકૂળ અસર પડવાની શક્યતા ઊભી થઈ છે.

રજૂઆત મુજબ, ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોમાં ફરજ બજાવતા MPHW કર્મચારીઓ માત્ર સરકારી કર્મચારી તરીકે નહીં પરંતુ સ્થાનિક આરોગ્ય વ્યવસ્થાની મહત્ત્વપૂર્ણ કડી તરીકે કામગીરી કરી રહ્યા હતા. માતા-બાળ આરોગ્ય, રસીકરણ, રોગચાળો નિયંત્રણ, સગર્ભા મહિલાઓની દેખરેખ તેમજ વિવિધ આરોગ્ય યોજનાઓના અમલીકરણમાં તેઓ અગત્યની ભૂમિકા ભજવતા રહ્યા છે. આવા સંજોગોમાં કોઈ પૂર્વ જાણ કે વહીવટી તૈયારી વિના મોટા પાયે કરાયેલી બદલીથી અનેક આરોગ્ય કેન્દ્રોમાં માનવબળની અછત સર્જાવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

અચાનક લેવાયેલા નિર્ણયથી કર્મચારીઓમાં અસંતોષ ફેલાયો હોવાનું અને તેની સીધી અસર કામગીરી પર પડી શકે હોવાનું જણાવાયું છે. વાંસદા તાલુકા પંચાયત પ્રમુખે આગોતરી નોટિસ વિના કરાયેલી આ બદલીઓ પર પુનર્વિચાર કરી તેને તાત્કાલિક અસરથી રદ કરવા તેમજ કર્મચારીઓને તેમની મૂળ ફરજના સ્થળે પરત મુકવા માંગ કરી છે.

નવસારી જિલ્લામાં બોર્ડની પૂરક પરીક્ષામાં 457 વિદ્યાર્થી ગેરહાજર

કુલ 972માંથી અડધા કરતાં પણ વધુ વિદ્યાર્થી ગેરહાજર

નવસારીઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાઈ રહેલી પૂરક પરીક્ષાઓ વચ્ચે નવસારી જિલ્લામાં વિદ્યાર્થીઓની ગેરહાજરીનું ચોંકાવનારું ચિત્ર સામે આવ્યું છે. મંગળવારે યોજાયેલી ધોરણ-10 અને ધોરણ-12ની વિવિધ વિષયોની પરીક્ષાઓમાં કુલ 972 વિદ્યાર્થીઓમાંથી 457 વિદ્યાર્થી ગેરહાજર રહેતા શિક્ષણ ક્ષેત્રે નવી ચર્ચા શરૂ થઈ છે.

માહિતી મુજબ ધોરણ-10ની પ્રથમ ભાષાની પરીક્ષામાં નોંધાયેલા 830 વિદ્યાર્થીઓ પૈકી માત્ર 512 વિદ્યાર્થીઓ જ પરીક્ષા આપવા પહોંચ્યા હતા, જ્યારે 318 વિદ્યાર્થીઓએ પરીક્ષાથી અંતર જાળવ્યું હતું. સૌથી વધુ ગેરહાજરી ગુજરાતી માધ્યમમાં નોંધાઈ હતી. ધોરણ-12 સામાન્ય પ્રવાહમાં પણ સ્થિતિ ખાસ અલગ જોવા મળી નહોતી. સવારના સત્રમાં યોજાયેલી ‘નામાના મૂળતત્વો’ વિષયની પરીક્ષામાં 126માંથી 95 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા, જ્યારે 31 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. બીજી તરફ બપોરના સત્રમાં લેવાયેલી હિન્દી વિષયની પરીક્ષામાં તો કુલ 16 વિદ્યાર્થીઓમાંથી માત્ર 7 વિદ્યાર્થીઓ જ પરીક્ષા આપવા પહોંચ્યા હતા અને 9 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. આંકડાઓ પર નજર કરીએ તો કુલ નોંધાયેલા વિદ્યાર્થીઓમાંથી લગભગ દર બેમાંથી એક વિદ્યાર્થી પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચ્યો નહોતો.

વાંસદા બોર્ડર પરથી પિસ્તોલ સાથે યુવતી સહિત ચાર ઝડપાયાં

ગુજરાતમાં ભગત પાસે વિધિ માટે આવ્યા હોવાની શંકાસ્પદ કહાની

વાંસદાઃ નવસારી એલસીબી પોલીસે બાતમીના આધારે વાંસદા તાલુકાના બારતાડ ગામેથી એક મહિલા સહિત ત્રણ મહારાષ્ટ્રીયન ઈસમોને લાઈસન્સ વગરની પિસ્તોલ, કારતૂસ, 16 મોબાઈલ ફોન અને કારની ડુપ્લિકેટ નંબર પ્લેટ સાથે ઝડપી પાડ્યા છે. પ્રાથમિક પૂછપરછમાં તેઓ ગુજરાતમાં એક ભગત પાસે વિધિ કરાવવા આવ્યાં હોવાનું જણાવ્યું હતું.

નવસારી એલસીબીએ બાતમીના આધારે મહારાષ્ટ્રના નાસિકથી ધરમપુર માર્ગે વાંસદા તરફ આવતી Nexon કાર (નં. MH 15 HQ 6161)માં સવાર ચાર વ્યક્તિને વાંસદા-ધરમપુર માર્ગ પર આવેલા બારતાડ ગામ નજીકથી ઝડપી પાડ્યા હતા. કારમાં બેસેલા વિવેક ઉર્ફે અરુણ કચરુ ઉગલે (રહે., ટાગોરનગર, નાસિક) પાસેથી બેગમાંથી એક પિસ્તોલ, મેગેઝીન અને એક જીવંત કારતૂસ મળી આવ્યું હતું. પોલીસે તેની સાથે અન્ય આશિષ સૂર્યપાલ યાદવ, રોહિત રાજેન્દ્ર સિવદે અને ત્રિશા તુકારામ પાંચાલ (તમામ રહે. નાસિક, મહારાષ્ટ્ર)ની પણ અટકાયત કરી હતી. કારની વધુ તપાસ દરમિયાન પોલીસે બીજી એક નંબર પ્લેટ MH-15-JD-6327 કાઢી હતી, જે વાહનની મૂળ નંબર પ્લેટ હોવાનું સામે આવ્યું હતું.પોલીસે કુલ રૂ. 6,58,200નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

કારની ડુપ્લિકેટ નંબર પ્લેટ, 16 મોબાઈલ મળી આવતા સમગ્ર મામલો શંકાસ્પદ

કારની નંબર પ્લેટ બદલવી અને તેમની પાસેથી મોટી સંખ્યામાં 16 મોબાઈલ ફોન મળી આવતાં સમગ્ર મામલો શંકાસ્પદ બન્યો છે. આ અંગે નવસારી એલસીબીએ વાંસદા પોલીસ મથકે ગુનો નોંધાવતા વધુ તપાસ વાંસદા પીઆઈ જે.વી. ચાવડાએ હાથ ધરી છે.

મજીગામેથી 3.15 લાખના દારૂ ભરેલી બે કાર સાથે 4 ઝડપાયા

ચીખલી: નવસારી એલસીબી પોલીસ મજીગામ ને.હા.૪૮ ઉપર વોચ ગોઠવી હતી. દરમ્યાન ઈનોવા કાર (નં. જીજે ૦૫ જેકયું ૦૬૪૫) તેમજ પાયેલોટિંગ વાળી ક્રેટા કાર (નં. જીજે ૧૫ સીપી ૧૬૨૬)ને રોકવાનો ઈશારો કરતાં બન્ને કાર હંકારી લેતાં પોલીસે પીછો કરી ઝડપી પાડી હતી. પોલીસે બંને કારમાંથી. રૂ.૩,૧૫,૬૦૦નો દારૂ મળી કુલ રૂ.૧૫,૩૦,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કરી પ્રકાશ સુરેશ શર્મા (રહે., વિનાયક રેસિડેન્સી, નામધા,), જાવીદહુસેન અબ્દુલરહેમાન શેખ (રહે., ભડકમોરા, મોટી સુલપડ,), સોહિલ ઉર્ફે પપ્પુ મહેશ કામલી (રહે., મોરા ફળિયા, રીંગણવાડી, નાની દમણ) તથા કૃણાલ અશોક કોળી પટેલ (રહે., મોહનગામ પલસેટ ફળિયા, તા.ઉમરગામ, જિ.વલસાડ)ની ધરપકડ કરી હતી.

ગણદેવી નગરપાલિકાની સામાન્ય સભામાં ૧૧ સમિતિના ચેરમેનની વરણી

કારોબારી સમિતિના અધ્યક્ષ પદે પીનાકીન પંડ્યાની પસંદગી

બીલીમોરાઃ ગણદેવી નગરપાલિકાની સામાન્ય સભા મંગળવારે સાંજે પ્રમુખ અનિતાબેન ભંડારીના અધ્યક્ષસ્થાને પાલિકા સભાખંડમાં યોજાઈ હતી. સભામાં વિવિધ ૧૧ સમિતિના ચેરમેન અને સભ્યોની વરણી કરવામાં આવી હતી. પ્રથમ અઢી વર્ષની ટર્મ માટે પ્રમુખ તરીકે અનિતાબેન ભંડારી અને ઉપપ્રમુખ તરીકે રાજેશભાઈ પટેલ (વકીલ) એ કાર્યભાર સંભાળ્યો હતો.

સામાન્ય સભામાં કારોબારી સમિતિના ચેરમેન તરીકે પીનાકીન પંડ્યાની વરણી કરવામાં આવી હતી. ઉપરાંત જાહેર બાંધકામ સમિતિના ચેરમેન હિરેનભાઈ તલાવીયા, વોટર વર્કસ સમિતિના ચેરમેન રવિભાઈ પટેલ, આરોગ્ય સમિતિના ચેરમેન કાર્તિક ચાંપાનેરી, ગુમાસ્તાધારા સમિતિના ચેરમેન રોઝીનાબાનુ શેખ, ફાયર અને લાઈટ સમિતિના ચેરમેન રેખાબેન હળપતિ, ટાઉન પ્લાનિંગ સમિતિના ચેરમેન જ્યોતિબેન ઢીમ્મર, મહેકમ સમિતિના ચેરમેન ભરતભાઈ રાઠોડ, ડ્રેનેજ સમિતિના ચેરમેન ઉઝેર માસ્તર, મનોરંજન-રમતગમત-સાંસ્કૃતિક સમિતિના ચેરમેન નિશાબેન સોલંકી તથા સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન પ્રિયંકાબેન હળપતિ (વોર્ડ નં.૧)ની વરણી કરવામાં આવી હતી. વિવિધ સમિતિઓમાં સભ્યોની પણ નિમણૂક કરવામાં આવી હતી.

જાહેર હરાજી (સુધારો)

શેઠ ભા.દુ.ઈંટવાલા પ્રાથમિક વિદ્યાલય દેસરા, બીલીમોરા, તા.ગણદેવી, જિ.નવસારીમાં સાગી ઇમારતી તેમજ જલાઉ માલની જાહેર હરાજી તા. 19/06/2026ને શુક્રવારે સવારે 10:00 કલાકે રાખેલ છે, જેમાં ભાગ લેવા માંગતા વેપારીઓ, અરજદારોએ સ્થળ પર સમયસર હાજર રહેવુ. સ્થળ પર રોકડા રુપિયા 10,000/-, આધારકાર્ડની પ્રમાણિત નકલ, પાનકાર્ડની પ્રમાણિત નકલ જમા કરાવ્યા પછી જ હરાજીની બોલીમાં ભાગ લઇ શકાશે. હરાજી મંજૂર કરવી ન કરવી તેનો હક એસ.એમ.સી. અધ્યક્ષશ્રી/સભ્ય સચિવશ્રીને અબાધિત રહેશે. હરાજીની શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

સ્થળઃ શેઠ ભા.દુ.ઈંટવાલા પ્રા. વિ.દેસરા, બીલીમોરા, તા.ગણદેવી, જિ.નવસારી

એસ.એમ.સી. અધ્યક્ષશ્રી/સભ્ય સચિવશ્રી
શેઠ ભા.દુ.ઈંટવાલા પ્રા. વિ.દેસરા,
બીલીમોરા, તા.ગણદેવી, જિ.નવસારી